**Gujarati Midday Pg 12, 30th March 2022**

# યુએઈની શાળા ક્રિપ્ટોમાં ફી સ્વીકારશે : આઈસી૧૫ ઈન્ડેક્સ ૮૧૩ પૉઈન્ટ વધ્યો

**સંયુક્ત** આરબ અમીરાત (યુએઈ)ની શૈક્ષણિક સંસ્થા સિટિઝન્સ સ્કૂલે બીટકૉઈન અને ઈથેરિયમમાં પેમેન્ટ સ્વીકારવાનો નિર્ણય લીધો છે. પેમેન્ટ સ્વીકારવા માટે આ શાળાએ એક ક્રિપ્ટો પેમેન્ટ પ્રોસેસર સાથે કરાર કર્યો છે, જે ક્રિપ્ટોનું દિરહામમાં રૂપાંતર કરશે.

નોંધનીય છે કે હાલમાં સંયુક્ત આરબ અમીરાતે ક્રિપ્ટોકરન્સી ક્ષેત્રે આગળ વધવાનું નક્કી કર્યું છે. સિટિઝન્સ સ્કૂલના સ્થાપક ડૉ. આદિલ અલઝરૂનીએ કહ્યું છે કે આ નવી પેમેન્ટ સુવિધા શરૂ કરીને અમે યુવા પેઢીને દેશના ડિજિટલ અર્થતંત્રમાં મોટી ભૂમિકા ભજવવા માટે તૈયાર કરવા માગીએ છીએ. ડિજિટાઈઝેશનની વહેલી શરૂઆત કરવામાં આવશે તો આજનાં બાળકો આવતી કાલના ઉદ્યમીઓ અને રોકાણકારો બની શકશે.

દરમ્યાન બીટકૉઈન મંગળવારે ઈન્ટ્રાડે ધોરણે ૪૮,૦૦૦ ડૉલરની સપાટી વટાવીને આવ્યો હતો. આ લખાઈ રહ્યું છે ત્યારે તેનો ભાવ ૦.૨૯ ટકાની વૃદ્ધિ સાથે ૪૭,૭૧૬ ડૉલર ચાલી રહ્યો છે. ઈથેરિયમ ૨.૦૭ ટકા વધીને ૩.૪૪૧.૮૪ ડૉલર થઈ ગયો છે. વધેલી અન્ય મહત્ત્વપૂર્ણ કરન્સીમાં ટેરા લ્યુના (૯.૪૫ ટકા), સોલાના (૨.૬૦ ટકા) અને અવાલાંશ (૨.૨૦ ટકા) નો સમાવેશ થાય છે. પોલકાડોટ અને ડોઝકૉઈન અનુક્રમે ૨.૦૭ ટકા અને ૨.૮૯ ટકા ઘટ્યા છે. અગાઉ ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ-આઈસી૧૫ મંગળવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૮૧૩ પૉઈન્ટ (૧.૧૭ ટકા)ના વધારા સાથે ૬૯,૭૪૪ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૮,૯૩૧ ખૂલ્યા બાદ ઉપરમાં ૭૦,૪૯૪ અને નીચામાં ૬૮,૧૧૬ ગયો હતો.